17.02.2023 પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

" મીઠાં બાળકો - તમને ઘરે બેઠા ભગવાન બાપ મળ્યાં છે તો તમારે અપાર ખુશીમાં રહેવાનું છે , વિકારો ને વશ ખુશીને દબાવી નથી દેવાની"

પ્રશ્ન :- આપ બાળકોમાં લક્કી (ભાગ્યશાળી) કોને કહેવાશે અને અનલક્કી (દુર્ભાગ્યશાળી) કોને કહેવાશે?

ઉત્તર :- લક્કી એ છે જે અનેકોને આપ સમાન બનાવવાની સેવા કરે છે, બધાંને સુખ આપે છે અને અનલક્કી એ છે જે ફક્ત સૂવે અને ખાય છે. એક-બીજાને દુઃખ આપતાં રહે છે. પુરુષાર્થ માં કમી હોવાથી જ અનલક્કી બની જાય છે.

પ્રશ્ન :- જે બાળકોનું ત્રીજા નેત્રનું ઓપરેશન સક્સેસફુલ (સફળ) થાય છે, એમની નિશાની શું હશે?

ઉત્તર :- તેઓ માયા નાં તોફાનો માં ઘડી-ઘડી પડશે નહીં, ઠોકર નહીં ખાશે. એમની દૈવી ચલન હશે. ધારણા સારી થશે.

ગીત :- છોડ ભી દે આકાશ સિંહાસન....

ઓમ્ શાંતિ ! શિવ ભગવાનુવાચ અથવા એમ પણ કહી શકાય છે કે ગીતા નાં ભગવાન શિવ ભગવાનુવાચ. ગીતા નું નામ લેવાય છે કારણ કે ગીતા ને જ ખંડન કરેલી છે. બધો આધાર આનાં પર છે કે ગીતા શ્રીકૃષ્ણ સાકાર દેવતાએ નથી ગાઈ અર્થાત્ શ્રીકૃષ્ણએ રાજયોગ નથી શીખવાડ્યો અથવા શ્રીકૃષ્ણ દ્વારા આદિ સનાતન દેવી-દેવતા ધર્મની સ્થાપના નથી થઈ. શ્રીકૃષ્ણને નિરાકાર ભગવાન તો ન કહી શકાય. શ્રીકૃષ્ણનું ચિત્ર જ અલગ છે. નિરાકાર નું રુપ અલગ છે, એ છે પરમ આત્મા. એમનું કોઈ શરીર નથી. પોકારે જ છે હે ભગવાન રુપ બદલીને આવો. એ કોઈ જાનવર રુપ તો નહીં ધરશે. મનુષ્યોએ તો જાનવરનું પણ રુપ આપી દીધું છે. કચ્છ મચ્છ અવતાર, વારાહ અવતાર.., પરંતુ સ્વયં કહે છે મેં આ રુપ ધર્યા જ નથી. મારે તો નવી સૃષ્ટિ રચવાની છે. શ્રીકૃષ્ણએ સૃષ્ટિ નથી રચવાની. બ્રાહ્મણ કુળને રચવા વાળા બ્રહ્મા. બ્રહ્મા અને શ્રીકૃષ્ણ માં તો ખુબ ફરક છે. બ્રહ્મા નાં મુખથી બ્રાહ્મણ રચાયા. શ્રીકૃષ્ણ નાં મુખથી દેવતાઓ રચાયા - એવું તો ક્યાંય પણ નથી લખેલું. હવે આપ બાળકો જાણો છો દુનિયામાં એવું કોઈ નથી જેમની બુદ્ધિમાં આ હોય કે નિરાકાર પરમાત્મા સાકારમાં આવીને આત્માઓને જ્ઞાન આપે છે. જ્ઞાન લેવાવાળા પણ આત્મા છે તો આપવા વાળા પણ આત્મા છે. હવે અડધાકલ્પ થી ભિન્ન-ભિન્ન રુપથી માતા-પિતા, ગુરુ-ગોસાઈ વગેરે બધાં દેહધારી એક-બીજાને કાંઈ ને કાંઈ મત આપતા આવ્યાં છે. હવે આ સમયે ત્વમેવ માતાચ પિતા... પર સમજાવાય છે. આ મહિમા એકની જ ગવાય છે. બાપ કહે છે તમારા જે પણ લૌકિક મા-બાપ બંધુ, ગુરુ ગોસાઈ છે, આ બધાંની મતને છોડો. હું જ આવીને તમારો બાપ, શિક્ષક, ગુરુ, બંધુ વગેરે બનું છું. મારી મત માં બધાંની મત સમાયેલી છે એટલે મુજ એકની મત પર ચાલવું સારું છે. પરમપિતા પરમાત્મા જરુર હમણાં જ મત આપશે ને. આ પરમ આત્મા આપ આત્માઓને મત આપે છે અને તે બધાં મનુષ્ય મત આપે છે. હકીકતમાં તો એ પણ આત્માઓ કર્મેન્દ્રિયો દ્વારા મત આપે છે પરંતુ મનુષ્ય નામ રુપમાં ફસાયેલા છે તો આ રહસ્યને નથી જાણતાં. જેવી રીતે કહે છે બુદ્ધ પાર નિર્વાણ ગયાં. હવે બુદ્ધ તો શરીરનું નામ થઈ ગયું. એ શરીર તો ક્યાંય જતું નથી અથવા કહેશે ફલાણા વૈકુંઠ ગયાં, તેઓ નામ શરીરનું લેશે. એવું નહીં કહેશે કે એ શરીર છોડી એમનો આત્મા ગયો. એમ કોઈ જતું જ નથી. તમે સમજો છો આત્માને જ સ્વર્ગમાં જવાનું છે. આત્મા કોઈ સ્વર્ગ થી અહીં નથી આવતો, આવે બધાં પરમધામ થી છે. આ જ્ઞાન આપ બાળકોની બુદ્ધિમાં છે. તમે જાણો છો આ સૃષ્ટિ પર પહેલાં દેવી-દેવતાઓનાં આત્માઓ હતાં, જેમણે સતયુગ માં પાર્ટ ભજવ્યો. તમારી બુદ્ધિ માં આત્મા અને પરમાત્મા નો પૂરો પરિચય છે. ભલે તમે ઘડી-ઘડી ભૂલી જાઓ છો, દેહ-અભિમાન માં આવી જાઓ છો, પૂરી રીતે કોઈથી મહેનત થતી નથી. માયા એવી છે જે પુરુષાર્થ કરવા નથી દેતી. સ્વયં પણ સુસ્ત છે તો માયા વધારે જ સુસ્ત બનાવી દે છે. વિશ્વ નાં માલિક સ્વયં ભણાવે છે, જેમાં માતા-પિતા, બંધુ, સખા, ગુરુ વગેરે બધાં સંબંધોની તાકાત આવી જાય છે. આ મહિમા છે જ એક નિરાકાર પરમાત્મા ની, પરંતુ મનુષ્ય સમજતાં નથી. લક્ષ્મી-નારાયણ વગેરે બધાંની આગળ જઈને મહિમા ગાતા રહે છે.

તમે જાણો છો આપણે આત્માઓ ૮૪ જન્મોનું ચક્ર લગાવીને આવ્યાં છીએ. હવે આ અંતિમ જન્મ છે. આ

ઘડી-ઘડી બુદ્ધિમાં યાદ રહેવું જોઈએ. આ જ્ઞાન ખૂબ ખુશીનું છે. એવાં બેહદ નાં બાપ સ્વયં આપ બાળકોનાં સિવાય બીજા કોઈને મળતાં નથી. વિવેક પણ કહે છે પરમપિતા પરમાત્મા નાં જે બાળકો બન્યાં છે એમની ખુશીનો પારાવાર ન હોવો જોઈએ. પરંતુ લોભ, મોહ વગેરે વિકાર આવવાથી ખુશીને દબાવી દે છે. આ વિકારોએ જ આખી દુનિયાની ખુશીને દબાવી દીધી છે. તમને તો ઘરે બેસી બાપ આવીને મળ્યાં છે. ભારતમાં આવ્યાં છે. ભારતવાસીઓનું તો ભારત ઘર છે ને. પરંતુ આવશે તો જરૂર એક ઘરમાં. એવું તો નથી કે ઘર-ઘર માં આવશે. પછી તો સર્વવ્યાપી થઈ ગયાં. એ આવશે તો જરૂર આવીને પતિતો ને પાવન બનાવશે. દુનિયા તો સમજે છે શ્રીકૃષ્ણ આવશે. પરંતુ તમે જાણો છો પરમપિતા પરમાત્મા આવેલાં છે, જે પતિત-પાવન, જ્ઞાન નાં સાગર છે, એમનું નામ હકીકતમાં રુદ્ર છે. આ મોટાં માં મોટી ભૂલ છે. જ્યારે એ સમજે કે આ બેહદ નાં બાપ આખી સૃષ્ટિનાં રચયિતા છે તો ખુશીનો પારો ચઢી જાય. એવાં બાપ પાસે થી તો જરૂર વારસો મળશે. શ્રીકૃષ્ણ પાસે થી તો વારસો મળી ન શકે. આ વાતો પર પણ કોઈની બુદ્ધિ નથી ચાલતી. દુનિયા તો આખી શુદ્ર સંપ્રદાય છે. બ્રાહ્મણ પણ ફક્ત કહેવા માત્ર છે. આપ બ્રાહ્મણ જ્યારે વિચાર સાગર મંથન કરો ત્યારે બીજાઓને પણ પરિચય આપી શકો. શ્રીકૃષ્ણને તો બધાં જાણે છે. ફક્ત કોઈ કહે છે રાધા-કૃષ્ણ સ્વર્ગનાં છે, કોઈ પછી દ્વાપરમાં ઠોકી (રાખી) દેશે, આ પણ મુંઝવણ કરી દીધી છે. ઈશ્વર તો જ્ઞાન નાં સાગર છે. આપ ઈશ્વરીય સંપ્રદાય માં જ જ્ઞાન આવી શકે છે. આસુરી સંપ્રદાય માં જ્ઞાન ક્યાંથી આવ્યું? ભલે ગાય પણ છે પતિત-પાવન....પરંતુ પોતાને પતિત સમજતાં નથી. સ્વર્ગ ને તો બિલકુલ જાણતાં જ નથી. ફક્ત નામ માત્ર કહે છે, આ પણ નથી સમજતાં કે દેવતાઓ સ્વર્ગવાસી છે. તમે જ્યારે સમજાવો છો ત્યારે આંખો ખુલે છે. માયાએ આંખો જ બંધ કરી દીધી છે. પ્રાચીન ભારત સ્વર્ગ હતું. લક્ષ્મી-નારાયણનું રાજ્ય હતું આ પણ નહોતાં જાણતાં. આપણે પણ નહોતાં માનતાં. આ તો સમજી શકો છો કે અન્ય ધર્મ તો પછી આવે છે. દેવતાઓ નાં સમયે આ ધર્મ નહોતાં. તો જરૂર ત્યાં સુખ જ સુખ હશે. બાપ બાળકોને રચે જ છે સુખ માટે. એવું નહીં સુખ-દુઃખ બંને આપે છે. લૌકિક બાપ પણ બાળક માંગે છે તો એને ધન-સંપત્તિ આપવા માટે, નહીં કે દુઃખ આપવા માટે. આ તો હમણાં આપણે સમજાવીએ છીએ કે દ્વાપર થી લઈને લૌકિક બાપ પણ દુઃખ જ આપતા આવ્યાં છે. સતયુગ-ત્રેતા માં તો દુઃખ નહોતાં આપતાં. અહીં મા-બાપ પ્રેમ તો ખૂબ કરે છે, પરંતુ એમને પછી કામ કટારી નીચે નાખી દે છે. તો દુઃખ આરંભ થઈ જાય છે. સતયુગ માં તો એવું નથી થતું. ત્યાં તો દુઃખની વાત નથી. આ બાપ બેસી સમજાવે છે. તમારામાં પણ નંબરવાર સમજે છે. તમારું આ જ્ઞાન યોગ થી ઓપરેશન થઈ રહ્યું છે. પરંતુ કોઈનું સક્સેસફુલ (સફળ) થાય છે, કોઈનું નથી થતું. જેવી રીતે આંખો નું ઓપરેશન કરાવે છે તો કોઈની ઠીક થઈ જાય છે, કોઈમાં થોડી ખરાબી રહી જાય છે, કોઈની આંખો બિલકુલ ખરાબ થઈ જાય છે. તમને પણ હમણાં જ્ઞાન નું ત્રીજું નેત્ર મળી રહ્યું છે. તો બુદ્ધિ રુપી નેત્ર ખુલી જાય છે તો સારો પુરુષાર્થ કરવા લાગી પડો છો. કોઈનું પૂરું નથી ખુલતું, ધારણા નથી થતી, દૈવી ચલન પણ નથી હોતી. માયા નાં તોફાન માં ઘડી-ઘડી પડતાં રહે છે. એક તરફ છે ૨૧ જન્મોનું સુખ આપવા વાળા ઉસ્તાદ, બીજી તરફ છે દુઃખ આપવા વાળો રાવણ. તેને પણ ઉસ્તાદ કહેશું. બાપ કહે છે હું તો કોઈને દુઃખ નથી આપતો. હું તો સુખ આપવા વાળો નામીગ્રામી (પ્રસિધ્ધ) છું. સતયુગ ત્રેતામાં બધાં સુખી છે, સુખ આપવા વાળા બીજા છે. આ પણ કોઈને ખબર નથી કે રાવણ રાજ્ય ક્યારથી આરંભ થાય છે. અડધોકલ્પ રામરાજ્ય, અડધોકલ્પ રાવણરાજ્ય. આ છે રામરાજ્ય અને રાવણ રાજ્યની કહાણી. પરંતુ આ પણ કોઈની બુદ્ધિમાં મુશ્કેલ બેસે છે. કોઈ તો બિલકુલ જડજડીભૂત અવસ્થામાં છે, જે કાંઈ પણ નથી સમજતાં. જેટલાં મનુષ્ય ભણે છે એટલાં મેનર્સ (શિષ્ટાચાર) પણ આવે છે. દબદબો રહે છે. આપણો પછી ગુપ્ત દબદબો છે. આંતરિક નારાયણી નશો ચઢ્યો હશે તો વર્ણન પણ કરશે, બીજાઓને સમજાવશે. આ ભણતર તો રાજાઓનાં રાજા બનાવવા વાળું છે. કોંગ્રેસી લોકો તો રાજાઓ નું નામ સાંભળીને ગરમ થઈ જાય છે કારણ કે અંત નાં રાજાઓ ઐયાશી બની ગયાં હતાં. પરંતુ આ ભૂલી ગયાં છે કે આદિ સનાતન દેવી-દેવતાઓ રાજા-રાણી હતાં. હમણાં તમે ફરી બાપ પાસે થી શક્તિ લઈ ૨૧ પેઢી રાજ્ય ભાગ્ય લો. આ સત્યનારાયણ ની કથા તો પ્રસિધ્ધ છે. પરંતુ વિદ્વાન, આચાર્ય પણ નથી જાણતાં. ગીતાનો કેટલો આડંબર બનાવ્યો છે. લાખો સાંભળે છે, પરંતુ સમજતાં કાંઈ પણ નથી. હવે આ વિચારોને કોણ સુજાગ કરે. આ આપ બાળકોનું કામ છે. પરંતુ ખુબ થોડા બાળકો છે જે બીજાઓને સુજાગ કરી શકે છે, જે જેટલાં આપ સમાન બનાવશે એટલું પદ પણ ઊંચ મેળવશે. બાપ કહે છે બીતી સો બીતી (વીત્યું તે વીત્યું) જુઓ. ડ્રામામાં એવું હતું. આગળ માટે પુરુષાર્થ કરો. પોતાનો ચાર્ટ જુઓ - આટલાં સમયમાં શું ધારણા કરી છે? કોઈ ૨૫-૩૦ વર્ષ નાં છે. કોઈ એક માસ, કોઈ ૭ દિવસ નાં બાળકો છે. પરંતુ ૧૫-૨૦ વર્ષ વાળા થી ગેલપ (ઝડપ) કરી રહ્યાં છે. વન્ડર (આશ્ચર્ય) છે ને. કાં તો કહેશે માયા પ્રબળ છે કાં તો ડ્રામા પર રાખશે. પરંતુ

ડ્રામા પર રાખવાથી પુરુષાર્થ ઠંડો થઈ જાય છે. સમજે છે અમારા ભાગ્યમાં નથી.

તમે બધાં લક્કી સ્ટાર્સ (ભાગ્યશાળી સિતારા) છો. તમારી તુલના ઉપર નાં સ્ટાર્સ (તારાઓ) સાથે કરાય છે. તમે સૃષ્ટિ નાં સિતારા છો. તે તો ફક્ત રોશની (પ્રકાશ) આપે છે. તમે તો મનુષ્યો ને જગાડવાની સેવા કરો છો. દુઃખીઓને સુખી બનાવો છો. મનુષ્ય આ તારા ને નક્ષત્ર દેવતા કહે છે, સાચ્ચા દેવતા તો તમે બનો છો. એ તારા ને દેવતા કહે છે કારણ કે તે ઉપર રહે છે. પરંતુ દેવતાઓ કોઈ ઉપર નથી રહેતાં. રહે તો આ સૃષ્ટિ પર છે પરંતુ મનુષ્યો થી ઊંચા જરુર છે. બધાંને સુખ આપે છે, જે એક-બીજાને દુઃખ આપે છે એને થોડી લક્કી સ્ટાર કહીશું? લક્કી અને અનલક્કી આ સમયે છે. જે આપ સમાન બનાવે છે એને લક્કી કહીશું. જે ફક્ત સૂવે અને ખાય છે એને અનલક્કી કહીશું. સ્કૂલમાં પણ એવું હોય છે. આ પણ ભણતર છે. બુદ્ધિથી કામ લેવું પડે છે. રાધા-કૃષ્ણને ૧૬ કળા લક્કી કહેવાશે. રામ-સિતા બે કળા ઓછા થઈ ગયાં. સૌથી નંબરવન લક્કી લક્ષ્મી-નારાયણ છે. એ પણ આ ભણતર થી એવાં બન્યાં છે. પુરુષાર્થમાં કમી કરવાથી અનલક્કી બની જાય છે. તમને તો બાપ સ્વયં ભણાવે છે. તમે સ્ટુડન્ટ જ ગોપ-ગોપીઓ છો. હકીકતમાં આ અક્ષર સતયુગ થી નીકળે છે. ત્યાં પ્રિન્સ પ્રિન્સેઝ (રાજકુમાર-રાજકુમારી) ખેલપાલ કરે છે તો પ્રિય નામ ગોપ ગોપીઓ રાખ્યું છે. શ્રીકૃષ્ણની સાથે દેખાડે છે. મોટાં થઈ જાય છે તો ગોપ ગોપીઓ નથી કહેવાતાં. હશે તો બધાં પ્રિન્સ ને. કોઈ દાસ દાસીઓ કે બહાર નાં ગામડાનાં લોકો સાથે તો નહીં રમશે. મહેલમાં બહારવાળા તો આવી ન શકે. શ્રીકૃષ્ણ બહાર જમુના વગેરે પર નથી જતાં. પોતાનાં મહેલમાં જ અંદર રમે છે. ભાગવત માં તો ઘણી ફાલતું વાતો લખેલી છે. માટલું ફોડ્યું વગેરે.... છે કાંઈ પણ નહીં. ત્યાં તો ખૂબ કાયદા છે. તો બાપ કેટલું સમજાવે છે, કહે છે શ્રીમત પર ચાલો. આ સમયે તમને સુખ જ સુખ મળે છે. એમની કેટલી મહિમા છે. બધાનાં દુઃખ કેન્સલ કરાવી બધાંને સુખ આપે છે. કહે છે મામેકમ્ યાદ કરો. આ બાપ આવીને ન ભણાવત તો આપણે શું ભણી શકત? નહીં. આ મોસ્ટ લવલી (સૌથી પ્રિય) બાપ છે. સૌથી સારી મત આપે છે-મનમનાભવ. મને યાદ કરો. સ્વર્ગ ને યાદ કરો, ચક્ર ને યાદ કરો. આમાં બધું જ્ઞાન આવી જાય છે. તેઓ તો ફક્ત વિષ્ણુ ને સ્વદર્શન ચક્ર દેખાડે છે, પરંતુ અર્થની ખબર નથી. આપણે હમણાં જાણીએ છીએ કે શંખ છે જ્ઞાન નો, જે નિરાકાર બાપ આપે છે. વિષ્ણુ થોડી આપે છે. અને આપે છે મનુષ્યો ને. જે પછી દેવતા અથવા વિષ્ણુ બને છે. કેટલું મીઠું જ્ઞાન છે. તો કેટલી ખુશી થી બાપને યાદ કરવા જોઈએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકીલધા બ્રાહ્મણ કુળભૂષણ સ્વદર્શન ચક્રધારી બાળકોને યાદ-પ્યાર. પરંતુ બાળકો સ્વદર્શન ચક્ર ચલાવે ખુબ થોડું છે. કોઈ તો બિલકુલ નથી ફેરવતાં. બાપ તો રોજ કહે છે સ્વદર્શન ચક્રધારી બાળકો... આ પણ આશીર્વાદ મળે છે. અચ્છા - મીઠાં-મીઠાં રુહાની બાળકોને રુહાની બાપનાં નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર **:-**

1. એક બાપની મત માં બાપ, શિક્ષક, ગુરુ, બંધુ વગેરેની બધી મતો સમાયેલી છે, એટલે એમની મત પર જ ચાલવાનું છે. મનુષ્ય મત પર નહીં.
2. વીતી ને વીતી કરી પુરુષાર્થ માં ગેલપ કરવાનું છે. ડ્રામા કહીને ઠંડા નથી થવાનું. આપ સમાન બનાવવાની સેવા કરવાની છે.

વરદાન **:-** શાંતિ ની શક્તિ દ્વારા સર્વ ને આકર્ષિત કરવા વાળા માસ્ટર શાંતિ દેવા ભવ

જેવી રીતે વાણી દ્વારા સેવા કરવાની રીત આવડી ગઈ છે એવી રીતે હવે શાંતિનાં તીર ચલાવો, આ શાંતિની શક્તિ દ્વારા રેતી માં પણ હરિયાળી કરી શકો છો. કેટલો પણ કઠોર (મોટો) પહાડ હોય એમાં પણ પાણી કાઢી શકો છો. આ શાંતિની મહાન શક્તિ ને સંકલ્પ, બોલ અને કર્મમાં પ્રેક્ટિકલ (વ્યવહાર માં) લાવો તો માસ્ટર શાંતિ દેવા બની જશો. પછી શાંતિની કિરણો વિશ્વની સર્વ આત્માઓને શાંતિ ની અનુભૂતિ તરફ આકર્ષિત કરશે અને આપ શાંતિ નાં ચુંબક બની જશો.

સ્લોગન **:-** આત્મ-અભિમાની સ્થિતિ નું વ્રત ધારણ કરી લો તો વૃત્તિઓ પરિવર્તન થઈ જશે.